# નવસારી કૃષિ યુનિવર્સિટી
# નવસારી

**ફિક્સ પગારના કર્મચારીઓ માટે રજાઓ બાબત...**

૧. નામ.સરકારશ્રીના નાણા વિભાગ, સચિવાલય ગાંધીનગરના ઠરાવ ક્રમાંક : ખરચ/૨૦૦૨/૫૭/ઝ.૧, તા.૧૬/૨/૨૦૦૬
૨. નામ.સરકારશ્રીના નાણા વિભાગ, સચિવાલય ગાંધીનગરના ઠરાવ ક્રમાંક : ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૨)/ ઝ.૧, તા.૨૦/૧૦/૨૦૧૫
3. નામ.સરકારશ્રીના નાણા વિભાગ, સચિવાલય ગાંધીનગરના ઠરાવ ક્રમાંક : ખરચ/૨૦૦૨/ ૫૭/(પાર્ટ-૩) ઝ.૧, તા.૨૮/૩/૨૦૧૭
૪. નામ.સરકારશ્રીના નાણા વિભાગ, સચિવાલય ગાંધીનગરના ઠરાવ ક્રમાંક : ખરચ/૨૦૦૨/૫૭/ ૫૭/ (પાર્ટ-૨) ઝ.૧, તા.૧૨/૭/૨૦૧૭

## :: પરિપત્ર ::

અત્રેની યુનિવર્સિટી હેઠળની તમામ કોલેજો/કચેરીઓ/વિભાગીય વડાશ્રીઓને જણાવવાનું કે, ફિક્સ પગારની યોજના અન્વયે વર્ગ-૩ સંવર્ગમાં પાંચ વર્ષના સમયગાળા માટે ફિક્સ પગારથી નિમણૂક પામેલ કર્મચારીઓને નામ.સરકારશ્રીના ઠરાવોની **સેવાની શરતો અને બોલીઓ મુજબ** કરારીય સમયગાળા દરમ્યાન મળવાપાત્ર **પરચુરણ રજા/ખાસ રજા/માંદગી સબબની રજા/ મહિલા કર્મચારીઓને પ્રસુતિ રજા તેમજ તેને સંલગ્ન પુરૂષ કર્મચારીઓને પિતૃત્વની રજાઓ** નિયમોનુસાર મળવાપાત્ર થાય છે **તે સિવાયની અન્ય કોઈ પણ રજા મળવાપાત્ર રહેતી નથી.**

આમ છતાં, ઘણી કોલેજો/ કચેરીઓમાં ફિક્સ પગારથી નિમણૂક પામેલ કર્મચારીઓ વારંવાર એક કે બીજા કારણોસર પૂર્વ મંજૂરી સિવાય બિન-પગારી રજા ઉપર જતા રહે છે, જેની જાણ પણ હાજર થયા બાદ કચેરીના વડાશ્રીને થાય છે આ બાબત અત્રેની કચેરીના ધ્યાન ઉપર આવેલ છે. વધુમાં ફિક્સ પગારના કર્મચારી પૂર્વ મંજૂરી વિના રજા ઉપર જતા રહે છે, જેના કારણે કચેરીના કામકાજમાં વિક્ષેપ પડે છે.

આ અંગે તમામ કચેરીઓના વડાશ્રીઓને સુચના આપવામાં આવે છે કે, આપની કચેરીમાં ફિક્સ પગારથી ફરજ બજાવતા કર્મચારીઓ કચેરીના વડાશ્રીની પૂર્વ-મંજૂરી લીધા વગર જશે અને આ અંગે કોઈ પણ વહીવટી પ્રશ્ન ઉપસ્થિત થશે તો આ અંગેની સઘળી જવાબદારી જે-તે કચેરીના વડાશ્રીની રહેશે. ફિક્સ પગારના કર્મચારીઓ પૂર્વ મંજુરી સિવાય રજા ભોગવતા હોય તો તેઓના મૂલ્યાંકન અહેવાલમાં આ અંગેની નોંધ કરવાની રહેશે.

વધુમાં બિનપગારી રજાના સમયગાળા દરમ્યાનના ભવિષ્યમાં અનુભવ આધારીત પ્રમાણપત્ર પણ આપવામાં આવશે નહિં.

**પ્રસ્તુત પરિપત્ર આ શાખાની નોંધ ફાઈલ ઉપર માન.કુલપતિશ્રીએ આપેલ મંજુરી અન્વયે યુનિવર્સિટીના કામકાજના હિતમાં જારી કરવામાં આવે છે.**

**જા.નં. નકયુ./રજી/અ.રશાખા/૪૭૧૨-૭૬૧/૨૦૨૨.**
**નવસારી. તારીખ: ૧૯/૦૫/૨૦૨૨.**

**કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી,**
**નવસારી.**

**નકલ સવિનય રવાના જાણ તેમજ અમલ થવા સારૂ.**

૧ અત્રેની નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી ની તમામ કચેરી /કોલેજો/યુનિટ /સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ અમલ થવા સારૂ.

*D:\K.A.Patel\A.3.1\MANJURI-22-23\Letter 22-23.doc*